## બામણામાં 'સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન કાર્યક્રમ બામણા કોલેજમાં યોજાયો'



જગવિખ્યાત મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોશીની પાવન જન્મભૂમિમાં કાર્યરત સ્વ. એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બામણાના પ્રિન્સિપાલ શ્રી. ડો. નિવૃત્તિ જોષીના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.અતિથિ વિશેષ વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે સ્પર્ધાત્મક પરીક્ષા અંગે વિદ્યાર્થીઓને બોધપૂર્ણ માહિતી પૂરી પાડી હતી.કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમનું સફળ સંચાલન ડો.ભીખાભાઈ પટેલે કર્યું હતું.

## પાલનપુરમાં માલણ દરવાજા રોડનું બાકી રહી ગયેલા કામને પૂરું કરવા માટે બંને તરફથી મુખ્ય રોડ બંધ કરાયો



ત્રણ ચાર દિવસ માટે માલણ દરવાજા કંથેરીયા હનુમાન રસ્તો બંધ કરાવતા વાહન ચાલકોને પાલનપુર શહેરમાં પ્રવેશવા માટે મોટા વાહનોને જનતાનગર ગણેશપુરા મીરા દરવાજા થઈ અવરજવર કરવી પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. જ્યારે દિલ્હી ગેટથી બ્રિજેશર કોલોની થઈ ઇંગ્લીશ મીડીયમ પાછળ અમીરબાગ વિસ્તારમાં થઈને અંબાજી હાઈવે જવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. ઉલ્લેખનીય છે કે પાલનપુર શહેરની લાઈફલાઈન સમાન દરરોજના ૧૨ થી ૧૩ હજાર વાહનો આ રસ્તાથી અવરજવર કરે છે.

## ૭ વર્ષથી પોલીસને થાપ આપતા ઉદાજી સોલંકીને બાયડ પોલીસે ઝડપ્યો



અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પ્રોહિબિશન અને અસામાજીક પ્રવૃતિઓ ડામવા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા કમર કસી છે બાયડ પોલીસે છેલ્લા ૧૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને તેમજ ૬ વર્ષથી સજા પામેલ આરોપીને પકડ વોરંટના આધારે દબોચી લીધો હતો. બાયડ પીએસઆઈ એસ.કે.દેસાઈ અને તેમની ટીમે બાયડ પંથકમાં પ્રોહિબિશનની કામગીરીની શખ્ત અમલવારી કરવાની સાથે નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા કમર કસી છે બાયડ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ પાર્ટ ગુન્હાનો ચોકડીયાનો ઉદાજી દાજીજી સોલંકી નામનો આરોપી છેલ્લા ૧૭ વર્ષથી થાપ આપી રહ્યો હતો પોલીસે બાતમીદારો સક્રિય કરી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેતા આરોપીના મોતિયા મરી ગયા હતા તેમજ સવેલાના અનુપસિંહ લાલસિંહ ચૌહણને ગુન્હામાં કોર્ટે સજા ફટકારતા ૬ વર્ષથી નાસતો-ફરતો હતો આખરે પોલીસે ઝડપી પાડી હિંમતનગર પોલિસને સુપ્રત કરવા તજવીજ હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## પાલનપુર ના ગરબા મંડળમાં ઠેર-ઠેર માંડવડીની સ્થાપના કરાઈ



આદ્યશક્તિ આરાધનાના પર્વ નવરાત્રી મહોત્સવનો સોમવારથી પ્રારંભ થતા પાલનપુરમાં ઠેર-ઠેર માતાજીની માંડવડીને ચાચરચોકમાં સ્થાપના કરવામાં આવી હતી. જયાં નવ દિવસ સુધી માતાજીના ગુણગાન ગાઈ ખેલૈયાઓ ગરબે ઘૂમશે. પાલનપુર આબુહાઈવે ન્યુ પાલનપુર ની બાલાજી સિટી સોસાયટી ખાતે રાજેશભાઈ વ્યાસ નાં નિવાસે માતાજી ની પુજા અર્ચના કર્યા બાદ વાજતે ગાજતે માતાજીની માંડવડીની ચાચરચોકમાં સ્થાપના કરવામાં આવી હતી.બાદમાં આરતી કરી પ્રથમ દિવસથીજ ખેલૈયાઓએ ગરબા ની રમઝટ જમાવી હતી.

## બનાસકાંઠામાં વડાપ્રધાનના આગમનને લઈ આજથી વિવિધ ત્રિદિવસીય કાર્યક્રમો યોજાશે

બનાસકાંઠા જિલ્લા આ અંબાજીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાત મુહુર્ત કરવાના હોઈ તેમના આગમનને લઈ જિલ્લામાં આજ થી સ્વૈચ્છિક સંસ્થાઓ ના સહયોગ થી તંત્ર દ્વારા સફાઈ અભિયાન, વની કરણ,વકૃત્વ સ્પર્ધા સહિતના વિવિધ ત્રિદિવસીય કાર્યક્રમો યોજવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦ સપ્ટેબરના રોજ અંબાજી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણનું લોકાર્પણ અને ખાત મુહુર્ત કરવા ઉપસ્થિત રહેનાર હોઈ જિલ્લા તંત્ર દ્વારા ગ્રામ પંચાયતો અને સ્વૈચ્છિક સંસ્થા ઓના સહયોગ થી ત્રિદિવસીય વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

### ફટાકડાની આતશબાજી અને જય જય અંબેના ઘોષ સાથે શુભારંભ

# જિલ્લામાં આસ્થા સાથે નવરાત્રિનો પ્રારંભ, પ્રથમ દિવસથી રાસ-ગરબાની રમઝટ જામી

### ગ્રામ્ય વિસ્તારોમાં ઝીણી જીવાતથી ખેલૈયાઓ પરેશાન



બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૮

નવરાત્રિની આસ્થા અને ઉમંગ સાથે પ્રારંભ થયો છે. ગરબે ઘૂમવા ખેલૈયાઓમાં કેટલો થનગનાટ છે તે પ્રથમ દિવસથી જોવા મળ્યો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શુભ મૂહર્તમાં નવરાત્રિ સ્થળોએ ઘટસ્થાપન અને ત્યાર પછી ફટાકડાની આતશબાજી અને જય જયઅંબના ઘોષ સાથે નવરાત્રિ પર્વનો પ્રારંભ થયો હતો. અંબાની આરતી પછી મોટાભાગના નવરાત્રિ સ્થળોએ રાત્રિના ૧૦૦૦ કલાકથી નવરાત્રિ પર્વ શરુ થયું. જેમાં અનેક નવરાત્રિ સ્થળો પ્રથમ દિવસથી ખેલૈયાઓની હાજરીના કારણે ભરચક જણાયા. ગ્રામ્ય વિસ્તારોમાં ઝીણી જીવાતથી ખેલૈયાઓ વારંવાર પરેશાન થતા જોવા મળ્યા હતા. પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે ૨ વર્ષથી જાજરમાન નવરાત્રિ મહોત્સવ યોજાયો ન હતો. આ વર્ષે નવરાત્રિ યોજવા માટે સરકાર દ્વારા અનેક છૂટછાટ આપ્યા પછી તા.૨૬ સપ્ટેમ્બરથી નવલી નવરાત્રિનો પ્રારંભ થયો. જિલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સમી સાંજ થતાં નવરાત્રિ સ્થળો રોશનીથી ઝગમગ્યા હતા. કેટલાક નવરાત્રિ સ્થળોએ ગ્રાન્ડ ઓપનિંગ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જિલ્લામાં પ્રથમવાર કેટલાક વિસ્તારોમાં હાઈટેક નવરાત્રિનું આયોજન જોવા મળ્યું. જ્યારે બિમાર તેમજ સીનીયર સીટીઝનો માટે અનેક નવરાત્રિ સ્થળોનું લાઈવ પ્રસારણ ઘર આંગણે નવરાત્રિ પર્વની ઝાકમઝોળ દેખાવનારુ પૂરવાર થયું છે. નવરાત્રિના આરંભ સાથે બંન્ને જિલ્લામાં વરસાદની સંભાવના હતી પરંતુ પ્રથમ નોરતું વરસાદના વિઘ્ન વગર હેમખેમ પસાર થયું હતું. બાયડના સ્વામિ નારાયણનગર, શરણાઈ પાર્ટી પ્લોટ, જૂના બસ સ્ટેશન અંબે માં ચોક, બાયડગામ, ધનસુરા, મોડાસા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ, હરસોલ, ગાબટ, સાઠંબા, ભિલોડા, વિજયનગર, ખેરોજ સહિતના વિસ્તારોમાં પ્રથમ દિવસે નવરાત્રિમાં ખેલૈયાઓની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ નવરાત્રિમાં આરતી ઉતારવા માટે બોલી બોલવાની પ્રથા અમલી બની છે અને ખાસ કરીને આઠમના નોરતા ઉપર સૌની મીટ મંડાઈ છે. પ્રથમ દિવસથી નવરાત્રિ મહોત્સવમાં ખેલૈયાઓએ ઉત્સાહ દેખાડ્યો છે તે જોતાં આજથી નવરાત્રિ સ્થળો ભરચક થવાની સંભાવના છે.

**જિલ્લામાં ખાણીપીણી સ્ટોલ ઉપર ખેલૈયાઓનો જમાવડો**

નવરાત્રિ પર્વ શરુ થતાં નવરાત્રિ સ્થળો આસપાસ ખાણીપીણીના સ્ટોલ શરુ થઈ ગયા છે. પ્રથમ દિવસથી જ રાત્રિના ૧૧.૦૦ થી ખાણીપીણી સ્ટોલ ઉપર ખેલૈયાઓનો જમાવડો જોવા મળ્યો છે. કેટલાક નવરાત્રિ સ્થળોએ ચોથા નોરતાથી ખેલૈયાઓ માટે નાસ્તા સહિતની વ્યવસ્થાનું આયોજન કર્યાનું પણ જાણવા મળ્યું છે.

### નવરાત્રિ સમયે અચોક્કસ મુદતની હડતાલની ચીમકી

## જિલ્લામાં વિજ કંપનીના પાટેકનિકલ કર્મચારીઓનું આંદોલન.....

### શહીદ વિજ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી આંદોલનનો આરંભ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૮



-સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉત્તર ગુજરાત વિજ કંપનીના ટેકનિકલ કર્મચારીઓએ વીજળી કર્મચારી મંડળના નેજા હેઠળ આંદોલનનો પ્રારંભ કર્યો છે. પડતર પ્રશ્નો અંગે બંને જિલ્લાના ૫૦ ટેકનિકલ કર્મચારીઓએ મૌન ધારણ કરી શહીદ થયેલા વિજ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી આંદોલનનો આરંભ કર્યો છે. નવરાત્રિ સમયે ટેકનિકલ વિજ કર્મચારીઓએ ધરણાં, સૂત્રોચ્ચાર, રેલી અને અચોક્કસ મુદતની હડતાલની ચીમકી ઉચ્ચારી છે. ઉત્તર ગુજરાત વિજ કંપનીના ટેકનિકલ કર્મચારીઓએ છેલ્લા ઘણા સમયથી તેમની પડતર માંગ મુદ્દે સરકાર સમક્ષ રજૂઆતો કરી છે પરંતુ તેનો ઉકેલ આવ્યો નથી જેથી ઉર્જા વિભાગના કર્મચારી મંડળી દ્વારા ટેકનિકલ કર્મચારીઓને અન્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો હલ કરવા માટે હવે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિજ કંપનીના ૫૦ ટેકનિકલ કર્મચારીઓએ વીજળી કર્મચારી મંડળના આંદોલનને સમર્થન આપી વિવિધ કાર્યક્રમો શરુ કર્યા છે. તા.૬ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર દરમ્યાન નક્કી કરાયેલી અલગ અલગ કાર્યક્રમો વિજ વિભાગના કર્મચારીઓ દ્વારા આયોજીત થયા જેમાં કાળીપટ્ટી ધારણ કરી પેનડાઉન સાથે માસ સી.એલ.ની પણ ચીમકી આપવામાં આવી છે. આગામી દિવસોમાં ટેકનિકલ કર્મચારીઓનું આંદોલન વધુ આક્રમક બનવાના અણસાર છે. હાલ નવરાત્રિનો પ્રારંભ થયો છે તેવા સમયે ઉત્તર ગુજરાત વિજ કંપનીના ટેકનિકલ વિભાગના કર્મચારીઓ જો માસ સી.એલ. ઉપર જાય તો જિલ્લામાં વિજ ફોલ્ટ સમયે મોટી અફરા તફરી સર્જાવવાની દહેશત વ્યક્ત થઈ છે. જિલ્લામાં ટેકનિકલ કર્મચારીઓની માંગ સરકાર દ્વારા સ્વીકારવામાં નહીં આવે તો તા.૧૮ ઓક્ટોમ્બરથી અચોક્કસ મુદતની હડતાલ પર જવા વીજળી કર્મચારી મંડળ દ્વારા ચીમકી આપવામાં આવી છે. બંન્ને જિલ્લામાં ૩૦ સબડીવીઝનમાં ફરજ બજાવતા ટેકનિકલ કર્મચારીઓએ પણ આંદોલનને સમર્થન આપ્યાનું જાણવા મળ્યું છે.

## જૂનીવાસણી ગામના ખેતરમાંથી ૩ વર્ષનો બાળ મગર મળી આવ્યો

### વન વિભાગ દ્વારા રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડાયો


બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૮

બાયડ તાલુકાના જૂનીવાસણી ગામના ખેડૂતના ખેતરમાંથી ૩વર્ષનો બાળમગર મળી આવતાં ખેડૂતો ચોકી ઉઠ્યા છે. નજીકમાંથી પસાર થતા માઝુમ નદીમાં પણ હવે મગરનો વસવાટ હોવાની આશંકા સેવાય છે. વન વિભાગ દ્વારા સ્થાનિક



એન.જી.ઓ.ની મદદથી ખેતરમાંના બાળમગર રેસ્ક્યુ કરી સલામત સ્થળે મૂકવામાં આવ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના કેટલાક વિસ્તારો હવે મગર વસાહત તરીકે પંકાઈ રહ્યા છે. તાલુકાના ડાભા ગામ થી વાત્રકગઢ ગામ સુધીના ૫ કિ.મી. વાત્રક નદીના પટમાં અસંખ્ય મગર હોવાથી તેને વિભાગ દ્વારા મગર વસાહત જાહેર કરાઈ છે પરંતુ તંત્રએ માત્ર હોડીંગ્સ લગાવ્યા સિવાય કંઈ કર્યું નથી. આ વિસ્તારના ખેતરોમાં



અનેક વખતે મગર જોવા મળે છે અને ક્યારેક રોડ ઉપર મગર આવી ચઢતાં વાહન તળે ચગદાઈ જવાથી મૃત્યુ નિપજ્યાના કિસ્સા પણ નોંધાયા છે. જ્યારે માઝુમ નદીના પટ આસપાસના વિસ્તારોમાં પ્રથમવાર મગર જોવા મળતાં હવે નદીપટમાં પણ મગરની વસાહત હોવાની સંભાવના વધી છે. તાલુકાના જૂનીવાસણી ગામના મુકેશભાઈ ડાહ્યાભાઈ પટેલના કપાસ વાવેલા ખેતરમાં કંઈક વિચિત્ર અવાજ આવતાં જોવા માટે પહોંચ્યા હતા અને નજીક જઈને જોયું તો મગર હોવાનું જણાતાં તાબડતોબ વન વગડો ચેરીટેબલ ટ્રસ્ટ અને વન વિભાગને જાણ કરતાં ૧ કલાક પછી ટીમો ખેતરમાં આવી હતી અને ૩ વર્ષના બાળમગરને સલામત રીતે નદીપટમાં છોડી દીધો હતો. જે રીતે બાળમગર ખેતરમાં જોવા મળ્યો તે જોતાં આસપાસના વિસ્તારમાં ૧૦થી વધુ મગર હોવાની સંભાવના પણ વ્યક્ત થઈ રહી છે.



પાલનપુરમાં હાઈવે સ્થિત ખાનગી પાર્ટી પ્લોટમાં આયોજિત ગરબામાં પ્રથમ દિવસે ઉડીને આંખે વળગે તેવી કોઈ ભીડ જોવા ન મળી. પરંતુ જુદા જુદા બે ગ્રુપ એક જ ડ્રેસકોડમાં અવનવા સ્ટેપ દ્વારા મુક્ત મને ગરબાની મજા માણી રહ્યા હતા. જે પૈકી એક ગ્રુપ એ જણાવ્યું કે અમે દસ દિવસ પ્રેક્ટિસ કરી. ગ્રુપના તમામ સભ્યોએ દરરોજ અલગ અલગ ડ્રેસ કોડમાં માના ગરબા રમવાનું નક્કી કર્યું. પ્રથમ દિવસે સતત બે કલાક રમ્યા બહુ જ મજા પડી.

### દહેજ ભૂખ્યા સાસરીયાએ હદ વટાવી

## ગાંભોઈની ગર્ભવતી યુવતીને ત્રાસ આપી કાઢી મૂકી : રાજસ્થાનના સાસરીયાં સામે ગુનો નોંધાયો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૮

હિંમતનગર તાલુકાના ગાંભોઈના સોની પરિવારની યુવતીને દહેજ મુદે રાજસ્થાનનાં સાસરીયાએ ત્રાસ આપી હદ વટાવી હોય તેમ ગર્ભવતી અવસ્થામાં સાસરીમાંથી કાઢી મૂકી રુ ૨ લાખના દહેજની માગણી કરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ગાંભોઈ પોલીસે ૫ સાસરીયાં વિરુદ્ધ માનસિક-શારીરિક ત્રાસ તેમજ દહેજ ધારાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગાંભોઈની નિલકંઠ સોસાયટીમાં રહેતા સોની પરિવારની યુવતી વનિતા સોનીને સમાજના રીતરીવાજ મુજબ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેમલી બજાર ગામે રવિ રામેશ્વરલાલ સોની સાથે પરણાવવામાં આવી હતી પરંતુ લગ્નના ૫ મહિના પછી પતિ તેમજ અન્ય સાસરીયાંએ તને રસોઈ બનાવતાં આવડતી નથી તેમ કહી માનસિક-શારીરિક ત્રાસ આપવાની શરુઆત કરી હતી જેમાં પતિએ સાસુ-સસરા તેમજ જેઠ-જેઠાણીની ચઢામણીથી યુવતી ગર્ભવતી હોવા છતાં ઘરમાંથી કાઢી મૂકી હતી. લાલચુ સાસરીયાએ સાસરીમાંથી ત્રાસ આપી કાઢી મૂક્યા પછી પિયરમાં આવીને પણ સ ૨ લાખના દહેજની માગણી કરતાં યુવતી સમસમી ગઈ હતી. લગ્નના ખૂબ ટૂંકાગાળામાં પતિ તેમજ અન્ય સાસરીયાએ મહેણાં ટોણાં મારી ત્રાસ ગુજાર્યો હોવાથી આખરે પોલીસ ફરિયાદ આપી છે. બનાવ અંગે વનિતા સોનીની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**આરોપી**

રવિ રામેશ્વરલાલ સોની
રામેશ્વરલાલ મોહનલાલ સોની
બબીબેન રામેશ્વરલાલ સોની
દિનેશજી રામેશ્વરલાલ સોની
સોનીયાબેન દિનેશજી સોની
(તમામ રહે.ખમલી બજાર, તા.માવેલી, જિ.ઉદેપુર-રાજસ્થાન)

### નવરાત્રિ શરુ થતાં બમ્પર ખેતપેદાશથી યાર્ડ ઉભરાયાં

## હિંમતનગર, ઈડર માર્કેટયાર્ડમાં એક જ દિવસમાં ૧૦, ૩૦૦ બોરી મગફળીની આવક

### રૂા. ૧૧૦૦ થી ૧૬૮૦નો ભાવ, ખેડૂતો મલકાયા, દિવાળી દરમ્યાન તેજી વર્તાશે

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૮

નવરાત્રિ શરુ થતાંની સાથે માર્કેટયાર્ડ બમ્પર ખેતપેદાશથી ઉભરાતાં હોવાનાં દ્રશ્યો સામે આવ્યાં છે. હિંમતનગર, ઈડર માર્કેટયાર્ડમાં બીજા નોરતે ૧૦,૩[illegible] બોરી જેટલી અધધ મગફળીની આવક થતાં વેપારીઓની સાથે માર્કેટયાર્ડના સત્તાધિશો પણ મલકાઈ રહ્યા છે. જે રીતે ખેતપેદાશના ઢગલા થઈ રહ્યા છે તે જોતાં દિવાળી દરમ્યાન તેજી વર્તાશે. ખેડૂતોને ૨૦ કીલોગ્રામ મગફળી દીઠ રુ ૧૧૦૦ થી ૧૬૮૦નો સર્વોચ્ચ ભાવ મળ્યો છે જે ટેકાના ભાવ કરતાં અનેક ગણી વધુ છે.

જિલ્લામાં આ વખતે ખરીફ સીઝનમાં ખેડૂતોને મગફળી અને કપાસના પાક ઉપર મોટી આશા હોવાથી મોટાભાગના વિસ્તારોમાં બમ્પર વાવેતર થયા પછી સારા ઉત્પાદનની આશા ખેડૂતોએ રાખી છે. સીઝનની શરુઆતમાં ખાસ કરીને મગફળીના પાકમાં નિલગાય તેમજ ભૂંડના ભેલાણથી ખેડૂતોને મોટો ફટકો પડવાની દહેશત હતી પરંતુ ખેડૂતોએ ખેતરોમાં રાત્રે ઉજાગરા કરી ભેલાણ અટકાવતાં હવે સારા ઉત્પાદનની આશા ફળીભૂત થઈ રહી છે. જિલ્લામાં મગફળીનો પાક તૈયાર થઈ જતાં મોટભાગના વિસ્તારોમાં ખેડુતોએ મગફળી કાઢવાની શરુઆત કર્યા પછી માર્કેટયાર્ડોમાં ધીરે ધીરે મગફળીની નવી આવક વધી છે. જિલ્લાના મોટાભાગના માર્કેટયાર્ડોમાં ખેડૂતોએ પ્રથમ નોરતાથી મગફળી વેચવા માટે ધસારો કરતાં યાર્ડોમાં ખેડૂતોની ચહલ પહલ વધી છે. શરુઆતમાં જ ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહ્યા છે જેના કારણે દિવસે દિવસે યાર્ડમાં મગફળી લઈને આવતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લાના હિંમતનગર અને ઈડર માર્કેટયાર્ડમાં એક જ દિવસમાં મગફળીની ૧૦,૩૭૦ બોરીની આવક નોંધાઈ છે. જ્યારે ખેતરોમાં હજુ પણ મગફળી કાઢવાનો ધમધમાટ જોવા મળતાં આગામી ૪ દિવસમાં આ બંને માર્કેટયાર્ડમાં દૈનિક ૧૫ હજારથી વધુ બોરીની આવક નોંધાઈ શકે છે. ખેતપેદાશની આવક નોંધાતાં માર્કેટયાર્ડન શેષ ફી ની અઢળક આવક થવાની પણ ગણતરી મંડાઈ છે.



**માર્કેટયાર્ડમાં આવક**

| યાર્ડ | બોરી | ભાવ (૨૦ કિ.ગ્રામ) |
|---|---|---|
| હિંમતનગર | ૨૫૦૦ | ૧૨૦૦ થી ૧૬૮૦ |
| ઈડર | ૩૮૦૦ રુ | ૧૧૦૦ થી ૧૫૯૪ |



## નહીં મેલું રે....તારા ફળિયામાં પગ નહીં મેલું...છોને લાગ્યું છબીલા મને તારું ઘેલું... અરવલ્લીમાં ખેલૈયાઓ થનગની ઉઠ્યા

કોરોના કાળ પછી નવરાત્રી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર નવરાત્રીમાં ખેલૈયાઓ પહોંચી રહ્યા છે અને બે વર્ષના બાકી રહી ગયેલા ગરબાની રમઝટ બોલાવતા નજરે પડી રહ્યા છે. નવરાત્રીના બીજા નોરતે અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરના ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ રાત્રીના ૯ વાગ્યા થી મેદાને પહોંચી ગરબાની રમઝટ બોલવી હતી યુવાધન હિલોળે ચઢ્યું હતું. મોડાસાના કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે આયોજિત નવરાત્રી મહોત્સમાં જિલ્લા કલેક્ટર ડોક્ટર નરેન્દ્ર કુમાર મીના પહોંચ્યા હતા જ્યાં તેમણે માતાજીની આરતી કરી હતી હતી ત્યારબાદ નવરાત્રી ગરબા મહોત્સવને નિહાળ્યો હતો, તેમની સાથે જિલ્લા ભાજપ પ્રમુખ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.